# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: THURSDAY** **National News**

નમસ્કાર,આકાશવાણી,

OPENING SIGNATURE TUNE

સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

**મુખ્ય સમાચાર**

**(મ્યુસિક અંડરપ્લે )**

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુંબઈમાં વેવ્ઝ સંમેલનનું ઉદ્ઘાટન કર્યું, કળા અને સંસ્કૃતિની ઉજવણી કરવા માટેનો મંચ ગણાવ્યો.**
2. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બે દિવસના પ્રવાસે - આજે સાંજે કેરળ પહોંચશે.**
3. **રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી સહિતના મહાનુભવોએ ગુજરાત અને મહારાષ્ટ્ર દિવસ નિમિતે નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી.**
4. **ગાઝા સંઘર્ષના સહિયારા પ્રયાસો દ્વારા શાંતિપૂર્ણ ઉકેલ માટે સંકલ્પ બધ્ધ હોવાનો ભારતે પુનરોચ્ચાર કર્યો.**
5. **IPL ક્રિકેટમાં, રાજસ્થાન રોયલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મુકાબલો.**

.......................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM WAVES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આજે ભારત ફિલ્મ નિર્માણ, ડિજિટલ કન્ટેન્ટ, ગેમિન્ગ, ફેશન અને સંગીતનું વૈશ્વિક કેન્દ્ર બની રહ્યું છે. લાઈવ કૉન્સર્ટ સાથે જોડાયેલા ઉદ્યોગ માટે પણ અનેક સંભાવના આપણી પાસે છે. મુંબઈમાં જિઓ વર્લ્ડ સેન્ટર ખાતે પહેલા વિશ્વ દ્રશ્ય શ્રાવ્ય – મનોરંજન સંમેલન- વેવ્ઝ 2025નો પ્રારંભ કરાવતા શ્રી મોદીએ વેવ્ઝ સંમેલનને કળા અને સંસ્કૃતિની ઉજવણી કરવા માટેનું મંચ ગણાવ્યો. તેમણે કહ્યું, વેવ્ઝ માત્ર એક શબ્દ નહીં પણ લહેર છે.

## (PM MODI BYTE)

શ્રી મોદીએ ઉમેર્યું, ભારતમાં અત્યારે ઑરેન્જ ઇકોનોમીનો ઉદયકાળ છે. કન્ટેન્ટ, ક્રિએટેવિટી અને કલ્ચર એ આ ઑરેન્જ ઇકોનોમીના ત્રણ પાયા છે. ક્રિએટ ઇન ઇન્ડિયા અને ક્રિએટ ફૉર ધ વર્લ્ડ માટે આ યોગ્ય સમય છે. આજે જ્યારે સમગ્ર વિશ્વ વાર્તા કહેવા માટે નવી રીત શોધી રહી છે. ત્યારે ભારત પાસે હજારો વર્ષોની પોતાની વાર્તાઓનો ખજાનો છે. સંબોધન દરમિયાન શ્રી મોદીએ ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે રાજ્યના લોકોને શુભેચ્છાઓ પણ પાઠવી.

. . . . . . . . . . . . . . .

# VAISHNAW WAVE SUMMIT

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, વિશ્વ દ્રશ્ય શ્રાવ્ય અને મનોરંજન સંમેલન- વેવ્ઝ 2025 નવી આર્થિક તકનું સર્જન કરશે. મુંબઈમાં આજે જિઓ વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે પ્રથમ વેવ્ઝ સંમેલનના ઉદ્ઘાટન સત્રને સંબોધતા શ્રી વૈષ્ણવે કહ્યું, આ સંમેલન સર્જકોને વૈશ્વિક મંચ પૂરું પાડશે. તેમજ નવી ટેક્નોલૉજી અંગે જાણવાની તક આપશે. તેમણે કહ્યું, આ સર્જકોને વિશ્વભરના ખરીદનારા અને રોકાણકારોને જોડશે.

શ્રી વૈષ્ણવે કહ્યું, 400 કરોડ રૂપિયાના ખર્ચે મુંબઈમાં ભારતીય સર્જનાત્મક ટેક્નોલૉજી સંસ્થા- I.I.C.T.ની સ્થાપના કરાશે. તેમણે કહ્યું, વેવ્ઝ અને I.I.C.T., વૈશ્વિક સર્જનાત્મક તંત્ર ખાતે મુખ્ય કેન્દ્ર તરીકે મુંબઈની ભૂમિકાને વધુ મજબૂત કરશે.

. . . . . . . . . . . . . . .

# PM KERALA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બે દિવસના પ્રવાસે આજે સાંજે કેરળ પહોંચશે. શ્રી મોદી આવતીકાલે દેશનું પ્રથમ અર્ધ-સ્વચાલિત વિઝિંયન્જમ આંતર-રાષ્ટ્રીય બંદર રાષ્ટ્રને સમર્પિત કરશે. આ બંદરનું ઉદ્ઘાટન ભારતીય બંદરોના ઇતિહાસમાં એક મહત્વપૂર્ણ પ્રસંગ હશે, જે તેમજ કેરળને વૈશ્વિક દરિયાઈ નકશા પર વિશેષ સ્થાન અપાવશે. સાંભળીએ એક અહેવાલ.

## (વૉઈસકાસ્ટ- પ્રવેશ અડિએચા)

*(પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કેરળના પ્રવાસ દરમિયાન આ આંતર-રાષ્ટ્રીય બંદરના સંચાલન ભવનની મુલાકાત લેશે અને નિયંત્રણ પ્રણાલિઓનું પણ નિરીક્ષણ કરશે. આ બંદરના પહેલા તબક્કાનું નિર્માણ કાર્ય ગત વર્ષે ડિસેમ્બરમાં પૂર્ણ થયું હતું અને અહીંથી ત્રણ ડિસેમ્બરે વ્યાપારી કામગીરી શરૂ થઈ હતી. કેરળની આ મહત્વાકાંક્ષી પરિયોજના અંદાજે ત્રણ દાયકા બાદ સાકાર થયો છે. આ ઉદ્ઘાટન સમારોહમાં કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકર, મુખ્યમંત્રી પિનરઈ વિજયન, કેન્દ્રીય બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રી સર્બાનન્દ સોનોવાલ પણ ઉપસ્થિત રહેશે. આ સમોરાહ બાદ પ્રધાનમંત્રી આવતીકાલે બપોરે દિલ્હી પરત જવા રવાના થશે.)*

. . . . . . . . . . . . . . .

# GUJ MAHARASTR DAY

આજે ગુજરાત અને મહારાષ્ટ્રના સ્થાપના દિવસ છે. રાષ્ટ્રપતિ  દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ,, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે શુભકામનાઓ પાઠવી હતી.

પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું હતું કે, ગુજરાત સ્થાપના દિવસના આ ગૌરવપૂર્ણ અવસરે રાજ્યના નાગરિકોને મારી હાર્દિક શુભકામનાઓ. ગુજરાતે, તેની આગવી સંસ્કૃતિ, ઉદ્યોગસાહસિકતાની ભાવના અને ગતિશીલતાને કારણે એક વિશિષ્ટ ઓળખ ઊભી કરી છે અને, રાજ્યના નાગરિકોએ વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદાન કર્યું છે. રાજ્ય પ્રગતિની નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરતું રહે એ જ અભ્યર્થના.

. . . . . . . . . . . . . . .

# SHAH LABOUR DAY

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વિશ્વ શ્રમિક દિવસ નિમિત્તે દેશના શ્રમિકોને શુભેચ્છાઓ પાઠવી છે. શ્રી શાહે સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું, વિકસિત ભારતનો સંકલ્પ પૂર્ણ કરવા દિવસ-રાત મહેનત કરનારા શ્રમિકો લોકોનું જીવન સરળ બનાવી રહ્યા છે. તેમજ પોતાના અથાક શ્રમ અને સમર્પણથી અર્થતંત્રને મજબૂત કરી રહ્યા છે.

શ્રમિકોને રાષ્ટ્રનિર્માણના સશક્ત સ્તંભ ગણાવતા શ્રી શાહે ખાતરી આપી કે, સરકાર શ્રમિકોના કલ્યાણ અને સમૃદ્ધિ માટે પ્રતિબદ્ધ

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# BJP CASTE CENSUS

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું, જાતિ આધારિત ગણતરી કરવાનો નિર્ણય N.D.A. સરકારની સામાજિક ન્યાય પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. નવી દિલ્હીમાં આજે માધ્યમોને સંબોધતા શ્રી પ્રધાને કહ્યું, સરકારે આ નિર્ણય ચર્ચા વિચારણા બાદ કર્યો છે..

(બાઈટઃ ધર્મેન્દ્ર પ્રધાન)

. . . . . . . . . . . . . . . .

# LOC FIRING

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, પાકિસ્તાની સેના સતત યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરી રહી છે અને ભારતીય સેનાને ઉશ્કેરી રહી છે. ભારતીય સેનાના એક ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે, પાકિસ્તાની સેનાની ચોકીઓ તરફથી કરવામાં આવેલા ગોળીબારનો યોગ્ય જવાબ આપવામાં આવ્યો હતો. અધિકારીના જણાવ્યા અનુસાર, ગત રાત્રે, પાકિસ્તાની સેનાની ચોકીઓએ જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશમાં કુપવાડા, ઉરી અને અખનૂરની સામેના વિસ્તારોમાં નિયંત્રણ રેખા પાર નાના હથિયારોથી કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર શરૂ કર્યો. ભારતીય સેનાએ પણ તેનો યોગ્ય જવાબ આપ્યો.

આ અગાઉ પણ, 29-30 એપ્રિલની રાત્રે, પાકિસ્તાની સૈનિકોએ નૌશેરા, સુંદરબની અને અખનૂર સેક્ટરમાં નાના હથિયારોથી કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર શરૂ કર્યો હતો. આના જવાબમાં, ભારતીય સૈનિકોએ તાત્કાલિક અને સંતુલિત રીતે કાર્યવાહી કરી. કાશ્મીર ખીણના બારામુલ્લા અને કુપવાડા જિલ્લામાં નિયંત્રણ રેખા પર પાકિસ્તાન તરફથી ગોળીબારની ઘટનાઓ પણ નોંધાઈ છે. જમ્મુ જિલ્લાના પરગલ સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર પણ ગોળીબાર થયો.

. . . . . . . . . . . . . . .

# AJMER FIRE

રાજસ્થાનના અજમેરના ડીગ્ગી બજાર વિસ્તારમાં આજે સવારે એક હોટલમાં આગ લાગતાં ચાર લોકોના મોત થયા અને અનેકને ઈજા થઈ. અકસ્માત સમયે હોટલમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ રોકાયા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, સવારે 8 વાગ્યે હોટલમાં એક મોટો વિસ્ફોટ થયો હતો. હોટલના એક રૂમમાં લગાવેલા એર કન્ડીશનરમાં બ્લાસ્ટ થવાના કારણે આગ ફાટી નિકળી હતી.

હોટલમાં ઉતરેલા ઘણા લોકો પોતાનો જીવ બચાવવા માટે બારીઓમાંથી કૂદવાનું શરૂ કરી દીધું. હોટલ તરફ જતો રસ્તો ખૂબ જ સાંકડો છે, જેના કારણે ફાયર બ્રિગેડ અને પોલીસ ટીમને બચાવ કામગીરીમાં ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. આગ એટલી ભીષણ હતી કે ઘણા ફાયરમેન અને પોલીસકર્મીઓને પણ ગૂંગળામણ અને ગરમીની અસર થઇ હતી..

. . . . . . . . . . . . . . .

# INDIA GAZA

ભારતે ફરી કહ્યું છે કે, તેઓ ગાઝા સંઘર્ષમાં સામેલ તમામ પક્ષની સાથે કામ કરવા માટે સંકલ્પબદ્ધ છે, જેથી ક્ષેત્રમાં શાંતિ સ્થાપિત કરી શકાય. ગઈકાલે પેલેસ્ટાઈન પર સુરક્ષા પરિષદમાં ચર્ચા દરમિયાન ભારતના કાયમી પ્રતિનિધિ પી. હરિશે ભારપૂર્વક કહ્યું, યુદ્ધવિરામ અને બંધકોને તાત્કાલિક છોડવા જોઈએ. તેમણે કહ્યું, ભારત એવા દેશમાં સામેલ છે, જેને ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન બંને સાથે ખૂલ્લા અને સીધા સંબંધ છે, જેનાથી શાંતિ પ્રયાસમાં તેમની ભૂમિકા વધુ મહત્વની થઈ જાય છે.

શ્રી હરીશે સાત ઑક્ટોબર 2023ના રોજ થયેલા આતંકવાદી હુમલાની ટીકા કરી. આ હુમલામાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા. તેમણે આ વિસ્તારમાં કોઈ અવરોધ વગર માનવતાવાદી સહાય પહોંચાડવાનું પણ આહ્વાન કર્યું.

. . . . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આજે જમ્મુ અને પશ્ચિમ રાજસ્થાનના કેટલાક ભાગમાં અતિશય ગરમ હવા ફૂંકાવાની તેવી આગાહી કરી છે. દિલ્હી, ઝારખંડ, ઉત્તરાખંડ, પંજાબ, પશ્ચિમ રાજસ્થાન, પૂર્વ મધ્યપ્રદેશ, હરિયાણા, ચંદીગઢ અને ઉત્તર કર્ણાટકમાં આગામી બે દિવસ સુધી ગાજવીજ સાથે તોફાન અને વરસાદ થવાની શક્યતા છે.

આ ઉપરાંત ઓડિશાના કેટલાક ભાગમાં આવતીકાલ સુધી ભારે વરસાદ થઈ શકે છે. તો ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા, આંધ્રપ્રદેશના દરિયાકાંઠા, રાયલસીમા, તમિલનાડુ, પુડુચેરી અને કેરળમાં આજે ગરમ અને ભેજ વાતાવરણ રહેશે. નાગાલૅન્ડ, મણિપુર, મેઘાલય, ત્રિપુરા, ઓડિશા અને ઉત્તરાખંડમાં ભારે પવનની સાથે કરા પડી શકે છે.

. . . . . . . . . . . . . . .

# IPL CRICKET

IPL T20 ક્રિકેટમાં, રાજસ્થાન રોયલ્સ આજે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે મુંબઈ ઇન્ડિયન્સ સામે ટકરાશે. આ મેચ સાંજે 07:30 વાગ્યે શરૂ થશે. બધાની નજર ફરી 14 વર્ષીય પ્રતિભાશાળી હોવાથી વૈભવ સૂર્યવંશી પર રહેશે, જેણે પોતાની પાછલી મેચમાં 35 બોલમાં રેકોર્ડબ્રેક સદી ફટકારીને ક્રિકેટ જગતને ચકિત કરી દીધું હતું..

. . . . . . . . . . . . . . . .

# NHRC REMARKS

ગત 24 એપ્રિલે બિહારના પટનાના મોકામા વિસ્તારમાં આવેલી એક સરકારી શાળામાં મધ્યાહ્ન ભોજન ખાધા પછી 100થી વધુ બાળકો બીમાર પડ્યા હતા. આ ઘટનાના મીડિયા અહેવાલની રાષ્ટ્રીય માનવ અધિકારે જાતે જ નોંધ લીધી છે

આ મામલે કમિશને બિહાર સરકારના મુખ્ય સચિવ અને બિહારના પટનાના વરિષ્ઠ પોલીસ અધિક્ષકને નોટિસ ફટકારી છે, જેમાં બે અઠવાડિયામાં આ મામલે વિગતવાર અહેવાલ માંગવામાં આવ્યો છે. 25 એપ્રિલ, ના રોજ પ્રસારિત થયેલા મીડિયા અહેવાલ મુજબ, લગભગ 500 બાળકોએ મધ્યાહ્ન ભોજન આરોગ્યુ હતું. મધ્યાહ્ન ભોજન ખાવાથી બાળકો બીમાર પડ્યા હોવાના સમાચારને કારણે વિરોધ કરી રહેલા ગ્રામજનોએ રસ્તો બ્લોક કરી દીધો હતો.

. . . . . . . . . . . . . . .